રામમંદિર મુદ્દા મામલે ભાજપમાં મતભેદ

નવી દિલ્હી,તા. ૮

ભાજપના વરિષ્ઠ નેતા જશવંતસિંહે આજે કહ્યું હતું કે રામ મંદિર ભાજપ માટે ચૂંટણી મુદ્દો નથી. રામમંદિરના મામલે ભાજપમાં પણ જુદા જુદા મત પ્રવર્તે છે. જશવંતસિંહ વિશ્વ હિન્દુ પરિષદના એવા મત સાથે પણ સહમત નથી કે રામ મંદિર રાજકીય મામલો છે.

જશવંતસિંહે એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે રામ મંદિરના મામલાને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો મળીને ઉકેલી શકે છે. અથવા તો કોર્ટ મારફતે આ વિવાદને ઉકેલી શકાય છે. જશવંતસિંહે કહ્યું હતું કે અયોધ્યા મામલાને ઉઠાવવાનો આ યોગ્ય સમય નથી. જ્યારે સંસદમાં અમારી સંખ્યા પુરતી થશે ત્યારે રામમંદિરના મામલાને ઉઠાવી શકાય છે. જશવંતસિંહે કહ્યું હતું કે અયોધ્યા ભાજપ માટે કોઈ રાજકીય પ્લેટફોર્મ નથી.



દરમિયાનમાં ગુરૂવારે અલ્હાબાદમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં આયોજિત ધર્મ સંસદમાં ગુરૂવારે સંતોએ

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદ માટેની માંગને ફગાવી દીધી હતી. સંગમ ક્ષેત્રમાં સેક્ટર ૧૦માં આયોજિત વિશ્વ હિન્દુ પરિષદની બેઠકમાં બે સંતોએ મંચથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદ માટે આગળ કરવાની ભલામણ કરી હતી. પરોક્ષ રીતે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના વડા મોહન ભાગવતે મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર મામલે ટેકો આપ્યો હતો. એક અંગ્રેજી સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં સિંહે કહ્યુ હતુ કે રાજનાથસિંહે જે કાંઈ પણ વાત કરી છે તે તેમના અંગત મત છે. રાજકીય મંજુરી એ વખતે મળશે જ્યારે પક્ષ તરફથી નિવેદન કરવામાં આવશે. જશવંતસિંહે એમ પણ કહ્યુ હતુ કે ભાજપ એક એવી પાર્ટી છે જે હિન્દુ મુલ્યોમાં માને છે ભાજપ અયોધ્યામાં રામ જન્મભૂમિ ખાતે રામ મંદિરના નિર્માણ માટે કટિબદ્ધ છે. જશવંતસિંહે વિહીપની બેઠકમાં પણ હાજરી આપી હતી.

ભારત દ્વારા અગ્નિ-૬ વિકસિત કરવાની તૈયારી જારી

નવી દિલ્હી,તા. ૮

ભારત હાલમાં એક એવી લાંબા અંતરની પરમાણુ સક્ષમ અગ્નિ-૬ બેલાસ્ટિક મિસાઈલ બનાવવામાં વ્યસ્ત છે જે ખૂબજ ઘાતક મિસાઈલ તરીકે સાબિત થઈ શકે છે. આ એક એવી મિસાઈલ હશે જે મિસાઈલ મારફતે એક જ સમયમાં અનેક સ્થળોને સરળતાથી ટાર્ગેટ બનાવી શકાશે. ભારત આ મિસાઈલ બનાવીને વિશ્વના ખૂબ ઓછા દેશોમાં સામેલ થઈ જશે. આ મિસાઈલ અતિ આધુનિક હથિયારો લઈને ત્રાટકવામાં સક્ષમ રહશે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ)ના વડા વીકે સારસ્વતે માહિતી આપતા કહ્યુ હતુ કે અગ્નિ-૫ એક વ્યૂહાત્મક ડિફેન્સ હથિયાર છે. હવે અગ્નિ-૬ મિસાઈલ ઉપર કામ ચાલી રહ્યુ છે જે ઘણા ટાર્ગેટ પર એક સાથે પડી શકશે. હાલમાં નિર્માણ હેઠળ રહેલી મિસાઈલની રેન્જ અંગે માહિતી આપવાનો ઇન્કાર કરતા તેમણે કહ્યુ હતુ કે મિસાઈલની ક્ષમતા અંગે હાલમાં વાત કરવી યોગ્ય રહેશે નહીં. અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલનું ગયા વર્ષે એપ્રિલમાં પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૫૫૦૦ કિલોમિટરની હતી. એમ માનવામાં આવે છે કે આ મિસાઈલની રેન્જ તેના કરતા વધારે રહેશે. એવુ જાણવા મળ્યુ છે કે આ મિસાઈલની રેન્જ ખૂબ વધારે રાખવાની હિલચાલ અગ્નિ-૬ મિસાઈલ વર્ષ ૨૦૧૪ સુધી તૈયાર કરી લેવામાં આવશે. આ મિસાઈલની રેન્જ ૧૦૦૦૦ કિલોમિટર સુધીની

કરવામાં આવી રહી છે. સૌથી અતિ આધુનિક મિસાઈલ પર ડિઝાઈનીંગ રહેશે તેવું જાણવા મળી રહ્યુ છે. નવી પેઢીની આઈસીડીએમ અગ્નિ-૬ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકસિત કામ કાજ શરૂ થઈ ચુક્યુ છે. આ મિસાઈલ થ્રિ સ્ટેજની મિસાઈલ હશે જે અગ્નિ-૫ કરતા વધુ લાંબી હશે. અગ્નિ-૫ની ૧૭.૫ મીટર સામે ૪૦ મીટરની આસપાસની રહેશે. જ્યારે ડાયામીટર ૧.૧ મીટર છે જે અગ્નિ-૫ કરતા અડધી સ્થિતિમાં છે. મિસાઈલ લોન્ચ વજન ૫૫ ટનની આસપાસ રહેશે. અગ્નિ-૬ મિસાઈલ અગ્નિ સિરિઝની મિસાઈલમાં અતિ આધુનિક છે. સબમરિન અને જમીન આધારિત લોન્ચર પરથી આ મિસાઈલ છોડી શકાશે. અન્ય વર્ઝન કરતા વધુ વોરહેડ લઈને આ મિસાઈલ ટ્રાટકી શકશે. સિરિઝમાં નવી મિસાઈલ ૧૦ ન્યૂક્લિઅર વોર હેડ લઈને એક સાથે અનેક સ્થળો પર ત્રાટકી શકશે. ડિઝાઈનને આખરી ઓપ આપવાની કવાયત ચાલી રહી છે. અન્ય પેટા સિસ્ટમ પણ વિકસિત થઈ રહી છે.

જો તમામ બાબતો કાર્યક્રમ મુજબ આગળ વધશે તો આ મિસાઈલ ૨૦૧૪ના મધ્ય સુધી તૈયાર થઈ જશે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકનું કહેવું છે કે અગ્નિ-૩ની જેમ નવી પેઢીની અગ્નિ-૬ મિસાઈલની પ્રતિકૃતિ રાખવામાં આવશે. આ મિસાઈલની લંબાઈ પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે પણ વિશ્વભરમાં હોબાળો મચી ગયો હતો. આ મિસાઈલ આઈસીબીએની ક્ષમતા અંગે પ્રશ્નો ઉઠાવે છે. અલબત્ત આ મિસાઈલ એશિયા, આફ્રિકા અને યુરોપ સુધી ત્રાટકવામાં સક્ષમ છે. અગ્નિ-૬ મિસાઈલ તમામ હથિયારોને યોગ્ય જવાબ સમાન રહેશે. મિસાઈલના સબમરિન લોન્ચની પણ શરૂઆત કરાશે. આ મિસાઈલની સ્ટ્રાઈક રેન્જ ૬૦૦૦ કિલોમીટરની રાખવામાં આવશે. વ્યૂહાત્મક મિસાઈલની રેન્જને વધારવાના પ્રયાસો પહેલાથી કરવામાં આવી ચુક્યા છે.

ભારતમાં ૬,૦૦૦ની નજીક પહોંચી પ્રતિ વ્યક્તિ આવક

નવીદિલ્હી,તા.૮

દેશમાં જીવનસ્તરનું માપદંડ ગણાતી પ્રતિ વ્યક્તિ આવકમાં ૧૧.૭ ટકાની વૃદ્ધિ થવાનું અનુમાન મૂકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ભારતીયોની પ્રતિમાસિક આવક ૫૭૨૯ રૂપિયા રહેવાનું અનુમાન છે જ્યારે પાછલા નાણાંકીય વર્ષમાં આ આવક રૂપિયા ૫૧૩૦ હતી. ગત નાણાંકીય વર્ષમાં પ્રતિ વ્યક્તિ આવકમાં ૧૩.૭ ટકાનો વિકાસ નોંધાયો હતો જે આ વર્ષ કરતાં વધારે છે. ૨૦૧૨-૧૩માં રાષ્ટ્રીય આવકનાં અગ્રીમ અનુમાન પર કેન્દ્રીય સાંખ્યિક કાર્યાલય (સીએમઓ)એ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, હાલની કિંમતો પર વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રતિ વ્યક્તિ આવક ૬૮૭૪૭ રૂપિયા રહેવાનું છે જે ૨૦૧૧-૧૨માં ૬૧૫૪૬ રૂપિયાની તુલનામાં ૧૧.૭ ટકા કરતાં વધુ છે. રિલીઝનાં જણાવ્યા મુજબ ૨૦૧૨-૧૩માં વાસ્તવિકરૂપે પ્રતિ વ્યક્તિ આવક (૨૦૦૪-૦૫ની સ્થિર કિંમતો ઉપર) ૩૯૧૪૩ રૂપિયા રહેવાનું અનુમાન છે જ્યારે આ આવક ૨૦૧૧-૧૨માં પ્રથમ સંશોધિત અનુમાનમાં ૩૮૦૩૭ રૂપિયા રહી હતી. પીએફસીઈ ૧૨.૮ ટકાની વૃદ્ધિ સાથે હાલની કિંમતો ઉપર ૬૭.૦૬ લાખ કરોડ રૂપિયે રહ્યો હતો જ્યારે ગત નાણાંકીય વર્ષમાં આ રકમ ૫૦.૫૬ લાખ કરોડ રૂપિયા હતી. રિપોર્ટ અનુસાર સરકારી અંતિમ ઉપભોગવ્યય (જીએફસીઈ)માં પણ ૧૩.૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

ડુંગળીના ભાવ આસમાને જતા સરકારની ઉંઘ હરામ

નવી દિલ્હી,તા. ૮

ડુંગળીની કિંમતોમાં ફરી એકવાર ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી કેટલાક રાજ્યોમાં યોજાનાર છે ત્યારે ડુંગળીની કિંમતોમાં વધારો નોંધાયો છે. શાકભાજીમાં ડુંગળીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે ભારતીયો એક વર્ષમાં ૧૫ મિલિયન ટન ડુંગળીનો ઉપયોગ કરે છે. બિરિયાની અને ભાજી જેવી પરંપરાગત ડિસ બનાવવા માટે પણ ડુંગળીનો ઉપયોગ કરવામાં આવે છે. ડુંગળી ફરી એકવાર રાજકીય મુદ્દો બનવાની તૈયારીમાં છે. મધ્ય મુંબઈમાં એક ગૃહિણીએ માહિતી આપતા જણાવ્યું છે કે ડુંગળીની કિંમત એકાએક કેમ વધી રહી છે તે બાબત સમજાઈ રહી નથી. જે કિંમતની માંગ કરવામાં આવી રહી છે તે કિંમતે ડુંગળી ખરીદવાની ફરજ પડી રહી છે. કિંમતો આસમાને છે. ડુંગળીની કિંમત આજે પ્રતિકિલો ૩૫ રૂપિયા પર પહોંચી હતી જે ત્રણ મહિના અગાઉ ૧૦ રૂપિયાના ભાવે ઉપલબ્ધ હતી.

હજુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે કારણ કે ખાદ્યાન્ન ફુગાવો બે આંકડામાં પહોંચી ગયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે મોટા ડુંગળીના ઉત્પાદન રાજ્યોમાં કિંમતો આસમાને છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટકમાં પાણીની અછત પ્રવર્તી રહી છે. નેશનલ હોર્ટી કલ્ચર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર સતીષ ભોન્ડેએ કહ્યુ છે કે ડુંગળીના ઉત્પાદનમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. ભારતે વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૭.૫ મિલિયન ટન રેકોર્ડ ડુંગળીનું ઉત્પાદન કર્યુ હતુ. ઓક્ટોબરમાં રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. પરંતુ સરકાર આ વર્ષે ૧૦ રાજ્યોમાં ચૂંટણીનો સામનો કરનાર છે. આગામી વર્ષે રાષ્ટ્રીય ચૂંટણી પણ યોજાનાર છે. ભાજપ ચોક્કસપણે આ મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. ડુંગળીની ઉંચી કિંમતના કારણે હંમેશા શાસક પક્ષને ફટકો પડતો રહ્યો છે. ઉંચી કિંમતે ડુંગળીની નિકાસ કરવાની વાત હવે મુશ્કેલરૂપ દેખાઈ રહી છે.

પહેલી જાન્યુઆરી બાદથી સ્વાઈન ફ્લુથી ૯૫ના મોત

નવી દિલ્હી,તા. ૮

ઉત્તર ભારતમાં સ્વાઈનફ્લુના કારણે પહેલી જાન્યુઆરી બાદથી કુલ ૯૫ લોકોના મોત થઈ ચુક્યા છે. કેટલાક રાજ્યોમાં સૌથી વધારે અસર થઈ છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે રાજસ્થાનમાં સૌથી વધુ ૬૪ લોકોના મોત સ્વાઈન ફ્લુના કારણે થયા છે. જ્યારે હરિયાણામાં ૧૮ લોકોના મોત આ રોગથી થઈ ચુક્યા છે. આવી જ રીતે પંજાબ અને રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સ્વાઈન ફ્લુથી ક્રમશ ૧૦ અને ત્રણ લોકોના મોત થયા છે. નવા વર્ષના પ્રથમ ૩૭ દિવસમાં આ રાજ્યોમાં સ્વાઈન ફ્લુના કુલ ૪૯૪ કેસો સપાટી પર આવી ચુક્યા છે. તમામ રાજ્યો દ્વારા સ્વાઈન ફ્લુના રોગને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં કેસોની સંખ્યા સતત વધી રહી છે. આના માટે અનેક કારણો જવાબદાર છે. સ્વાઈન ફ્લુના કેસોમાં વધારો થવા પાછળના

કારણોમાં તપાસ કરવામાં આવી રહી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે ઉત્તર ભારતમાં શિયાળુ લાંબુ ચાલવાથી તેની માઠી અસર જોવા મળી છે. છેલ્લા મહિનામાં ઉત્તર ભારતમાં તાપમાન એવુ હોય છે જેના કારણે હવાના કારણે આ રોગના કેસોમાં વધારો થાય છે. ઈન્સ્ટીટ્યુટોફ લીવર એન્ડ બિલારી સાયન્સમાં વાઈરોલોજી એકતા ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે પર્યાવરણમાં હમેંશા વાઈરસ ફેલાયેલા હોય છે અને જ્યારે સ્થિતી આ વાઈરસની તરફેણમાં રહે ચે ત્યારે આ રોગ ઝડપથી ફેલાઈ જાય છે. વર્ષ ૨૦૦૯માં આ રોગથી ૯૮૧ લોકોના મોત થયા હતા અને ૨૭૨૩૬ લોકોને અસર થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૧૦માં મોતનો આંકડો વધીને ૧૭૬૩ પર પહોંચ્યો હતો. જ્યારે કેસોની સંખ્યા ૨૦૦૦૦ની આસપાસ રહી હતી. વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં આ રોગના પોઝિટીવ કેસોની સંખ્યા ક્રમશ ૬૦૩ અને ૫૦૪૪ રહી હતી. આવી જ રીતે મોતનો કુલ આંકડો ૪૮૦ રહ્યો હતો. કેસોની સંખ્યામાં વધારો ચિંતાજનક છે. તમામ હોસ્પિટલોને એલર્ટ રહેવાની સુચના પહેલાથી જ આપવામાં આવી છે. સ્વાઈન ફ્લુ થવાની સ્થિતીમાં ટેલિફ્લુ નામની દવા આપવામાં આવે છે. આ દવાનો જથ્થો તમામ હોસ્પિટલમાં પહેલાથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. સ્વાઈન ફ્લુને રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં આમાં ઓછી સફળતા મળવા પાછળ જે કારણ જવાબદાર છે તેમાં ઠંડીની સિઝન ખેંચાઈ જવાનું કારણ પણ સામેલ છે. પંજાબમાં સ્વાઈન ફ્લુના ૪૭ મામલા સપાટી પર આવી ચુક્યા છે. ચંદીગઢ ઉપરાંત મોહાલી, પટિયાલામાં પણ સ્વાઈન ફ્લુના કેસ નોંધાયા છે. કરનાલમાં નેવલ કમાન્ડો કોમ્પલેક્સમાં પાંચ કમાન્ડોમાં પણ સ્વાઈન ફ્લુના લક્ષણો જોવા મળ્યા છે. જેથી સેનામાં પણ ભારે ખળભળાટ મચી ગયો છે.

ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં સચિન દ્વારા ગવાસ્કરના રેકોર્ડની સરખામણી

મુંબઈ,તા. ૮

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે આજે મહાન ખેલાડી સુનિલ ગાવાસ્કરના રેકોર્ડની બરોબરી કરી હતી સુનિલ ગાવાસ્કરના ફર્સ્ટક્લાસ સદીના રેકોર્ડની સચિન તેન્ડુલકરે બરોબરી કરીને વધુ એક મોર પીંછુ ઉમેર્યુ હતુ. સચિન અને તેન્ડુલકરની હવે ૮૧-૮૧ સદીઓ થઈ ગઈ છે.

ઈરાની કપ મેચના ત્રીજા દિવસે રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે સચિને શાનદાર સદી ફટકારી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સુનિલ ગાવાસ્કરના રેકોર્ડની બરોબરી કરી લીધી હતી. સુનિલ ગાવાસ્કરના રેકોર્ડની એક ઓછી સદી સાથે સચિન તેન્ડુલકર મેદાનમાં ઉતર્યો હતો. સુનિલ ગાવાસ્કરે ૧૯૭૧-૯૭ વચ્ચેના ગાળામાં ૮૧ ફર્સ્ટક્લાસ સદી ફટકારી હતી જેમાં ૧૨૫ ટેસ્ટ મેચોમાં ૩૪ સદીનો પણ સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયા સામે આગામી ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની શરૂઆત

પહેલા સચિને શાનદાર ફોર્મ મેળવી લેવામાં સફળતા મેળવી છે. ૩૯ વર્ષિય સચિને ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ૨૫૦૦૦ રનની વધુ એક સિદ્ધી પણ હાંસલ કરી લીધી હતી. સચિને ૧૯૪ ટેસ્ટ મેચોમાં ૫૧ ટેસ્ટ સદી ફટકારી છે. તેની ૪૭૯મી ઈનિંગ્સમાં ફર્સ્ટક્લાસ મેચમાં આજે તે મેદાનમાં ઉતર્યો હતો. ત્રણ વિકેટ પડી ગયા બાદ સચિન રમવા માટે આવ્યો હતો. સચિને શ્રીસંતના બોલે એક રન લઈને પોતાની સદી પૂરી કરી હતી. સચિન સદી પૂરી કરવા ૧૩૯ બોલ અને ૨૨૮ મિનિટ લીધા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. તેન્ડુલકરે ડિસેમ્બર ૧૯૮૮માં ગુજરાત સામે આ જ મેદાન પર પોતાની પ્રથમ ફર્સ્ટક્લાસ સદી ફટકારી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંઆ આઈકોનિક બેટ્સમેને ૧૦૦ સદીનો રેકોર્ડ પૂરો કરી લીધો છે જેમાં વનડેમાં ૪૯ સદીનો સમાવેશ થાય છે. ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ગવાસ્કર અને તેન્ડલકરના બ્રેકઅપના આંકડા પર નજર કરવામાં આવે તો ભારે રોમાંચકતા ઉભી થાય છે. ગાવાસ્કરે ટેસ્ટ મેચમાં ૩૩, રણજી ટ્રોફીમાં ૨૦, ઈરાની કપમાં ૩, દુલીપ ટ્રોફીમાં છ, ઈંગ્લેન્ડ સામે રેસ્ટ ઓફ ધ વર્લ્ડ માટે એક, સમરસેટ માટે બે, શ્રીલંકામાં બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં એક સદી સહિત અન્ય રમતોમાં ૧૫ સદીનો સમાવેશ થાય છે. આવી જ રીતે તેન્ડુલકરે ટેસ્ટ મેચોમાં ૫૧, રણજી ટ્રોફીમાં ૧૮, ઈરાની કપમાં બે અને દુલીપ ટ્રોફીમાં ત્રણ સદીનો સમાવેશ થાય છે. અન્ય ગેમોમાં છ, યોર્કસાયર માટે કાઉન્ટ્રી ક્રિકેટમાં એક સદીનો સમાવેશ થાય છે.

ભારતમાંથી લૉન્ચ કરાશે પ્રથમ સ્માર્ટફોન સેટેલાઈટ

લંડન,તા.૮

વિશ્વનો પ્રથમ સ્માર્ટ ફોન સેટેલાઈટ લૉન્ચિંગ માટે તૈયાર છે. બ્રિટનમાં તૈયાર થયેલો સ્ટેન્ડ-૧ નામનો આ સેટેલાઈટ ફોન છ મહિનાનાં મિશન પર અંતરિક્ષમાં મોકલવામાં આવશે. આ સેટેલાઈટને કંટ્રોલ કરવા માટે તેમાં ગુગલ નેક્સસ ફોન લગાવવામાં આવ્યો છે. સસેક્સ સ્પેસ સેન્ટર અને સરે સેટેલાઈટ ટેકનોલોજી લિમિટેડે આ પ્રોજેક્ટ પર કામ કર્યું છે. આ અઠવાડિયે સ્ટેન્ડ-૧ને ભારત મોકલી દેવામાં આવ્યો છે અને ભારતમાંથી આ સેટેલાઈટ ૨૫ ફેબ્રુઆરીનાં રોજ અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરવામાં આવશે. સસેક્સ સ્પેસ સેન્ટરનાં ડૉ.ક્રિસ બ્રિજ જણાવે છે કે, નેક્સસ-૧ સ્માર્ટ ફોનમાં કોઈ પરિવર્તન કરવામાં આવ્યું નથી. હવે એ બાબત જોવી આશ્ચર્યકારક ગણાશે કે સામાન્ય જીવનમાં વપરાતું એક ઉપકરણ અંતરિક્ષમાં કેવી રીતે કામ કરે છે. તેમણે કહ્યું હતું કે, અમે ફોનને તોડ્યો નથી, ફક્ત ફોનમાં પોતાનું સોફ્ટવેર ફીટ કર્યું છે અને તેને યુએસબી સાથે સેટેલાઈટથી કનેક્ટ કર્યો છે. આ સ્માર્ટફોનને ૪.૫ કિલોનાં એક બોક્સમાં રાખવામાં આવ્યો છે તથા બોક્સમાં એક છિદ્ર કરવામાં આવ્યું છે જેથી પાંચ મેગાપિક્સલનો ફોનનો કેમેરો પૃથ્વી અને ચંદ્રની તસવીરો લઈ શકે. ફોન અથવા તેનાં કેટલાંક હિસ્સાઓ અગાઉ પણ અંતરિક્ષમાં મોકલવામાં આવ્યા હતાં પરંતુ એક સંપૂર્ણ સેટેલાઈટને સ્માર્ટ ફોનયુક્ત બનાવીને પ્રથમવાર ઓપરેટ કરવામાં આવી રહ્યો છે. આ સ્ટુડન્ટવન નેક્સેસ સેટેલાઈટમાં વિજ્ઞાન સાથે જોડાયેલ અનેક એપ્લિકેશન લગાડવામાં આવ્યા છે. સરે સેટેલાઈટ ટેકનોલોજી લિમિટેડનાં મુખ્ય વૈજ્ઞાનિક ડગ લીડલ જણાવે છે કે, આ ફોન એન્ડ્રોઈડ સોફ્ટવેર પર કામ કરે છે. આ સોફ્ટવેર ઓપન સોર્સ છે તેમજ તેનો ઉપયોગ સેટેલાઈટમાં કરવાથી માનવજાત માટે ભવિષ્યનાં દરવાજા ખૂલશે તેવી આશા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જો આ પ્રયોગ સફળ રહેશે તો સ્પેસ સોફ્ટવેર બનાવવાનું કામ ખાસ કંપનીઓ સુધી સીમિત રહેશે નહીં અને વધુ સારા સ્પેસ સોફ્ટવેર એન્ડ્રોઈડ ટેકનિકનાં માધ્યમથી બનાવી શકાય છે. અવકાશ ક્ષેત્રે વૈજ્ઞાનિકો અને ટેકનોલોજી કંપનીઓ નવા નવા ઉપકરણો અને ટેકનિકલ લઈને બજારમાં આવી રહી છે. પૃથ્વીની જગ્યાએ હવે અવકાશ ક્ષેત્રે પ્રયોગો શરૂ કરવામાં આવ્યા છે જેનાથી ભવિષ્યમાં નવી આધુનિક સુખ-સગવડો વિકસીત કરી શકાશે.

શેરબજારમાં સતત સાતમા દિવસે મોટો ઘટાડો નોંધાયો

મુંબઈ, તા.૮

છેલ્લા ૩૦ મિનિટમાં જામેલી જોરદાર વેચવાલીના પરિણામ સ્વરૂપે શેરબજારમાં આજે ભારે અફડાતફડી જોવા મળી હતી. સતત સાતમા દિવસે શેરબજારમાં મંદી રહેતા રોકાણકારોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. સેન્સેક્સ આજે કારોબારના અંતે ૯૬ પોઈન્ટ ઘટીને ૧૯૪૮પની નીચી સપાટીએ રહ્યો હતો. આર્થિક વિકાસને લઈને ચિંતાજનક સ્થિતિ રહી છે. કોર્પોરેટ કમાણીના આંકડા પણ ચિંતા ઉપજાવી રહ્યા છે. સતત સાતમી દિવસે મંદીથી સરકાર પણ ચિંતિત બની ગઈ છે. બપોરના કારોબાર સુધી ૧૦૦ પોઈન્ટના રેન્જમાં બેરોમીટર રહ્યો હતો પરંતુ છેલ્લી ૩૦ મીનીટમાં ભારે અફડાતફડી જોવા મળી હતી. આઈસીઆઈસીઆઈ બેંક, આઈટીસી, એસબીઆઈ, આરઆઈએલ, ઓએનજીસી, સિપ્લા, તાતા મોટર્સ, એમએન્ડ એન, મારૂતિ સુઝુકી, સ્ટરલાઈટ, એચયુએલ, ડોકટર રેડ્ડી લેબ, હિન્ડાલ્કો અને એચડીએફસીમાં તીવ્ર કડાકો બોલી ગયો હતો. બજેટ પહેલા ભારે અફડાતફડીથી નવી ચિંતા જોવા મળી રહી છે. છેલ્લા સાત સેશનમાં સેન્સેક્સે ૫૨૦ પોઈન્ટ ગુમાવી દીધા છે. આ પ્રવાહ યથાવતરીતે જારી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે કારણ કે વિકાસની ગતિ ધીમી પડવાના આંકડા હાલમાં જ આવ્યા છે. નાણાંકીય સ્થિતિ પણ નબળી દર્શાવવામાં આવી છે. નવેમ્બર ૨૦૧૧ બાદથી વર્તમાન મંદીનો પ્રવાહ સૌથી લાંબા સમય સુધી ચાલ્યો છે. બ્રોકરોનું કહેવું છે કે હિન્ડાલ્કો અને કેનેરા બેંકની કમાણીના આંકડા પણ નબળા રહ્યા છે. અપેક્ષા કરતા નબળા આંકડાના પરિણામ સ્વરૂપે તેની સીધી અસર બજાર પર થઈ છે. સિપ્લા, સ્ટરલાઈટ અને હિન્ડાલ્કોમાં ૩-૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૩૫ પોઈન્ટ ઘટીને ૫૯૦૩ની છ સપ્તાહની નીચી સપાટીએ રહ્યો હતો.

હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૪ નું ચાલુ)

અમને તો શંકા છે કે હવે એક દિવસ એવો આવશે કે આપણે જયારે પાન ખાવા જઈશું ત્યારે પાનવાળો પણ પાનકાર્ડ માગશે!

એક પોલીસવાળાએ તો વળી એક ચોર પાસે પણ પાનકાર્ડ જોવાની ઈચ્છા દર્શાવી હતી!

મેટરનીટી હોમમાં દાખલ થયેલી મહિલા પાસે ડૉકટર આવનારા બાળકનાં પાનકાર્ડ માટે એપ્લીકેશન કરેલ હોય તો તેની ઝેરોક્સ કોપી માગશે અને છેલ્લે -

મૃત્યુ સમયે સ્મશાનનો ચોકીદર મૃત્યુ પામનારના પાનકાર્ડની ઝેરોક્સ માગશે!

ટૂંકમાં જન્મથી મૃત્યુ સુધી તમે પાનકાર્ડની ચૂંગાલમાંથી છટવું છે?!

તો છૂટી જાઓ -

કોમામાં સરી પડીને!

જયાં સુધી ફરીથી ભાનમાં આવો નહીં ત્યાં સુધી!

સમન્વય (પાના નં. ૪ નું ચાલુ)

ભારતીયો ક્યાંક દિશાહીન દેખાઇ રહ્યાં છે. રોજેરોજ એવી ઘટનાઓ નિર્માણ થાય છે કે જેના લીધે માથું શરમથી જુકી જાય છે. લોકોને ન્યાય અને હક માટે આંદોલનો કરવા પડે છે. વળી, ભ્રષ્ટાચારનું દુષણ ભારતમાં ઘર કરી ગયું છે. લોકો એટલી હદે ભ્રષ્ટ બન્યા છે કે તમામ મર્યાદાઓ નેવે મુકાઇ છે. ભ્રષ્ટાચાર વિરૂધ્ધ અવાજ ઉઠાવનાર અન્ના હજારે આજે ક્યાંય ખોવાઇ ગયા. એક સમયે તેમની સાથે હજારોની સંખ્યામાં જોડાનાર આંદોલનકારીઓ આજે લોકપાલને યાદ પણ નથી કરતા. આ આપણી કરૂણતા છે. લોકપાલે જે રીતે દેશમાં લથ્થડીયાં ખાધા છે તે આપણી લોકશાહીને જોરદાર લપડાક છે. ગુનાહિત પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો છે. ભગવાનના નામે વેશભૂષાઓ વધી છે. લોકો આસ્થાના નામે છેતરાઇ રહ્યા છે... કહેવાનો અર્થ એમ નથી કે બધુ ભ્રષ્ટ છે કે બધા સંતો ખોટા છે. પણ વાત કેટલાક ઘતિંગબાજ માણસોની છે. જે ધર્મનાં નામે ઘતિંગ કરી ભારતીય પ્રજાને છેતરી રહી છે. દિલ્હીમાં થયેલ ગેંગરેપની ઘટનાથી સમગ્ર દિલ્હી ખરાબ છે તેમ ન કહેવાય પણ આવા હીન કૃત્યો કરનાર અધર્મીઓને વાંકે સમગ્ર ભારત પાછળ ધકેલાઇ રહ્યુ છે. આધુનિકતાને આવકાર છે પણ તેની આડમાં આયરાતા કુકર્મોનો વિરોધ છે. દેશનાં યુવાનોએ આ બાબતમાં વિચારવાની તાતી જરૂરીયાત છે. નહિ તો આપણી સોનાની ચિડિયાને કાટ લાગશે અને ભારત હાંશિયામાં ધકેલાઇ જશે.

- amitraval.crc@gmail.com